દાખલ થયા તારીખઃ

રજી. લીધા તારીખઃ

નિકાલ થયા તારીખઃ

સમય ગાળો : વર્ષ માસ દિવસ

# ભરૂચનાં મહેરબાન સ્પેશીયલ જજ સાહેબની કોર્ટમાં, મુ.ભરૂચ.

**<u>સ્પેશીયલ ઈલેકટ્રીસીટી કેસ નંબરઃ ૧/૨૦૧૮</u>**

આંકઃ

ધી સ્ટેટ ઓફ ગુજરાત
(ભરૂચ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.।। ૯૮/૧૬) **..ફરીયાદી**

**વિરૂઘ્ધ**

જાકીરભાઈ સુલેમાન પટેલ, ઉ.વ.૪૫,
રહે. એ/૧૧૮/૬, અહમદનગર સોસાયટી, મનુબર રોડ,ભરૂચ.
જી.ભરૂચ. **..આરોપી**

ગુનો :– <u>ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટઃ ૨૦૦૩ ની કલમઃ ૧૩૬ મુજબ</u>

.......................................................................

ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રી જી.આર.પરમાર.
આરોપી તરફે વિ.વ.શ્રી પી.આર. મહેતા.

.......................................................................

**<u>।। ઠ રા વ ।।</u>**

**૧)** આરોપી વિરૂઘ્ધ ભરૂચ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ।। ૯૮/૧૬, તે ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ : ૨૦૦૩ ની કલમ : ૧૩૬ મુજબનાં સજાને પાત્ર ગુનાનું ચાર્જસીટ ભરૂચનાં ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની રૂબરૂ પોલીસ તરફથી સાદર કરવામાં આવતા, તે ફોજદારી કેસ નંબરઃ ૨૫૮૭/૨૦૧૭ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**૨)** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામનાં આરોપીએ તારીખ : ૧૭–૧૧–૦૬ નાં રોજ આ કામના સાહેદ હબીબભાઈ અબ્દુલભાઈ મલેક,પ્રમૂખશ્રી અમન રેસીડન્સીનાંએ સ્ટ્રીટ લાઈટ નાંખવા માટે આ કામના

આરોપીને કામ સોંપેલ અને આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે દક્ષિણ ગુજરાત વિજ કંપનીની માલીકીનાં જી.ઈ.બી.ના સીમેન્ટનાં થાંભલા નંગ–૧૦ જેમાં એક થાંભલાની કિંમત રૂ.૩૦૦૦/– લેખે કુલ રૂ. ૩૦,૦૦૦/– શેરપુરા નજીક આવેલ ધરમકાંટાની પાછળ મુકી અને ત્યારબાદ ત્યાંથી ચોરી કરીને,અમન રેસીડન્સી મનુબર રોડ,ભરૂચ ખાતે લઈ જઈ, તેવા થાંભલા ઉભા કરવાની વ્યવસ્થા કરતા પકડાઈ જઈ,આરોપીએ ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ તે બનાવ અંગેની ફરીયાદ ફરીયાદીએ ભરૂચ શહેર 'બી' ડીવીઝન પોલીસ મથકમાં તારીખ:૧૭–૧૧–૧૬ નાં રોજ નોંધાવ્યા બાદ પોલીસે આરોપી સામે ઉપરોકત ગુનો નોંધેલો છે.

**૩)** ફરીયાદીની ફરીયાદના આધારે પી.એસ.ઓ.એ ગુનો દફતરે નોંધી આ કામની તપાસ હેડ કોન્સ્ટેબલ શંકરભાઈ બાવજીભાઈને સોંપતા, તેઓએ આ કામની તપાસ સંભાળ્યા બાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા,પંચનામા કરેલા અને ત્યારબાદ આ કામે આરોપી સામે પુરાવા જણાતા તેના આધારે આ કામનું ચાર્જસીટ ભરૂચના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં રજુ કરેલું અને ત્યાંથી સદર કામ ભરૂચના ચોથા એડીશનલ સીનીયર સીવીલ જજ અને એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં તબદીલ થયેલું.

**૪)** ભરૂચના ચોથા એડીશનલ સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ:૨૦૦૩ ની કલમ:૧૩૬ મુજબનાં આક્ષેપયુકત ગુનાનું ચાર્જસીટ તારીખ:૨૦–૧૨–૧૭ ના કમીટલ હુકમથી ઈલેકટ્રીસીટી એકટની કલમ : ૧૩૬ મુજબ હાલનો કેસ અત્રેની સ્પેશીયલ કોર્ટમાં કમીટ કરતા તે સ્પેશીયલ ઈલેકટ્રીસીટી કેશ નંબર:૧/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ ફોજદારી કાર્યરિતી અધિનિયમની કલમ : ૨૨૮(૧) મુજબ આંક:૭ થી આરોપી સામે તહોમતનામું ઘડીને વાંચી સંભળાવ્યા બાદ,તેઓનું ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ: ૨૨૮(૨) મુજબ આંક:૮ થી નિવેદન નોંધતા અને તેમાં તેઓએ તેમની સામેનાં ગુનાના આક્ષેપોનો ઈન્કાર કરતાં,હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

**૫)** ફરીયાદપક્ષ તરફથી આરોપી સામેનાં આક્ષેપો પુરવાર કરવા માટે નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયા છે:–

**<u>મૌખિક પુરાવા</u>:–**

| ક્રમનંબર | વિગત | સાહેદનું નામ | આંક |
|---|---|---|---|
| ૧ | ફરીયાદી | હિમાંશુભાઈ મનસુખભાઈ પટેલ | ૯ |
| ૨ | પંચ | શૈલેષભાઈ રમણભાઈ પરમાર | ૧૪ |
| ૩ | ફરીયાદી | અમૃતભાઈ કાલીદાસ પરમાર | ૧૬ |
| ૪ | સાહેદ | હબીબભાઈ અબ્દુલભાઈ મલેક | ૧૭ |
| ૫ | સાહેદ | ગુંજન જયંતિભાઈ પ્રજાપતિ | ૧૯ |
| ૬ | પોલીસ સ્ટે.અમલદાર | ભરતભાઈ શામજીભાઈ નીસરતા | ૨૦ |

| | | | |
|---|---|---|---|
| ૭ | તપાસ કરનાર અમલદાર | કાંતીભાઈ ચુનીલાલ વસાવા | ૨૨ |
| ૮ | તપાસ કરનાર અમલદાર | શંકરભાઈ બાવજીભાઈ | ૨૫ |

**દસ્તાવેજી પુરાવાઃ–**

| અ.નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગ્રાહકનું નિવેદન | ૧૦ |
| ૨ | સ્થળ/ ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૧ |
| ૩ | ડી.જી.વી.સી.એલ. ભરૂચ તરફે અમન રેસીડેન્સીનો લેટરપેડ | ૧૨ |
| ૪ | ડી.જી.વી.સી.એલ. હેઠળ માલસમાનની ચોરી અંગેની પોલીસ ફરીયાદ | ૧૩ |
| ૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૫ |
| ૬ | પી.આઈ. શ્રી 'બી' ડીવીઝન પો.સ્ટે. ભરૂચને અમન રેસીડેન્સીનો લેટરપેડ | ૧૮ |
| ૭ | સ્ટેશન ડાયરીની નકલ | ૨૩ |
| ૮ | તપાસનો લેટર | ૨૪ |

**૬)** ફરીયાદપક્ષના પુરાવાના અંતે વિદ્યવાન એડી. પી.પી.શ્રી તરફથી આંક : ૩૪ નું પુરશીશ રજુ કરીને ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવ્યા બાદ આરોપીનું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમઃ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામા આવતાં તેઓ તેઓનો મૂખ્યત્વે બચાવ,ગુનાના ઈન્કારનો છે. વધુમાં તેઓએ પોતાના વિશેષ નિવેદનમાં એવું જણાવેલું છે કે, તેમણે કહેવાતો ગુનો કરેલો નથી અને તેઓ નિર્દોષ છે અને કહેવાતો કોઈ ગુનો કરેલો નથી અને ખોટા આક્ષેપો કરેલા છે,તેઓ આ કામે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી કે જાતે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી અને તે રીતે આ કામમાં તેમના તરફે કોઈ બચાવનાં સાહેદોને તપાસવામાં આવેલા નથી.ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વિદ્યવાન એડી.પી.પી.શ્રી જી. આર.પરમારની અને બચાવપક્ષે વિદ્યવાન વકીલશ્રી પી.આર.મહેતની દલીલો સાંભળવામાં આવેલી છે.

**૭)** ઉપરોકત હકીકતે,હાલના કેસમાં મારા નિર્ણય માટે,નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છેઃ–

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તારીખઃ૧૭–૧૧–૦૬ નાં રોજ આ કામના સાહેદ હબીબભાઈ અબ્દુલભાઈ મલેક,પ્રમૂખશ્રી અમન રેસીડન્સીનાંએ સ્ટ્રીટ લાઈટ નાંખવા માટે કામ સોંપેલ તેથી આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે દક્ષિણ ગુજરાત વિજ કંપનીની માલીકીનાં જી.ઈ.બી.ના સીમેન્ટનાં થાંભલા નંગ–૧૦ જેમાં એક થાંભલાની કિંમત રૂા.૩૦૦૦/– લેખે કુલ રૂા. ૩૦,૦૦૦/– શેરપુરા નજીક આવેલ ધરમકાંટાની પાછળ મુકી અને ત્યારબાદ ત્યાંથી ચોરી કરીને,અમન રેસીડન્સી મનુબર રોડ, ભરૂચ ખાતે લઈ જઈ, તેવા થાંભલા ઉભા કરવાની વ્યવસ્થા કરતા પકડાઈ જઈ,આરોપીએ ઈન્ડીયન ઈલેકટ્રીસીટી

એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૬ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ .?

૨. શું આરોપી વિરૂઘ્ધ અન્ય કોઈ ગૌણ ગુનો ફરીયાદપક્ષ શંકારહિત પુરવાર કરે છે ?

૩. છેવટનો શું હુકમ ?

૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વે,મારા નિર્ણયો નીચે જણાવેલા કારણોસર નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. નકારાત્મક.

૩. આખરી હુકમ મુજબ.

૯) આ કામે ઉભયપક્ષની દલીલો સાંભળવામાં આવેલી છે.આ અંગે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જી.આર.પરમારે મારા સમક્ષ આ કામે રજુ થયેલ પુરાવો વાંચીને એવી દલીલ કરી છે કે, વર્તમાન સમયમાં વીજ ખાતાના સાધનોની ચોરીના બનાવો દિવસે દિવસે વધતા જાય છે અને તે દ્રષ્ટીએ સમગ્ર કેશનો વિચાર કરવાનો રહે અને તપાસ દરમ્યાન આરોપીની સોસાયટીમાંથી આ પ્રકારના વીજ થાંભલાની ચોરી થતી હોવાનું ઝડપાઈજવા પામેલ હોય,આ કામનો ગુનો આરોપીએ કરેલ છે અને તે રીતે ફરીયાદપક્ષ આરોપી સામેનો કેશ પુરવાર કરી શકેલા હોવાથી તેઓને મહત્તમ સજા કરવા માંગણી કરેલી છે.જે સામે આરોપી તરફેના વિ.વ.શ્રી પી.આર.મહેતાએ મારી સમક્ષ ફરીયાદ હકીકત વાંચી એવી દલીલ કરી છે કે,બનાવ સ્થળેથી આરોપી પકડાયા ન હોવા છતાં ખોટો કેશ કરેલ છે અને આરોપીએ વીજ થાંભલાની ચોરી કરેલ નથી.વીજ થાંભલા તેમની સોસાયટીમાં ઉભા કરવા માટે તેઓએ જી.ઈ.બી.માં અરજી આપી હતી અને તેનાં અનુસંધાને જો કદાચ વીજ થાંભલા આવેલા હોય તો તેમાં આરોપીનું કોઈ ગુનાહીત માનસ નથી. તેમ છતાં ફરીયાદીએ ખોટી ફરીયાદ આપેલી છે અને આ ફરીયાદ મોડી આપવામાં આવી છે તેનો કોઈ ખુલાસો થયેલો નથી. જયાં સુધી ફરીયાદપક્ષ તરફથી મુળભુત પુરાવો રજુ કરી ગુનાની હકીકતો સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી તે અંગેનાં કહેવાતા અન્ય કોઈ સમર્થક પુરાવાનું કોઈ પુરાવાકીય મુલ્ય રહેતું નથી અને તે તમામ સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂઘ્ધનો કોઈ પણ ગુનો શંકારહિત રીતે પુરવાર કરી શકેલા ન હોઈ,તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે અને તેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાની માંગણી કરેલી છે.સદરહું રજુઆતો અને પડેલા પુરાવાને ઘ્યાને લઈને,ઉપરોકત મુદ્દાઓના નિર્ણય અંગે,હું નીચે મુજબ મારા કારણોની ચર્ચા કરૂ છું.

## ।। કા ર ણો ।।

## ૧૦) મુદ્દા નં.૧ અને ૨ :–

ઉપરોકત બન્ને મુદ્દાઓ પરસ્પર સંકળાયેલા હોય તેમજ એક જ પ્રસંગમાંથી ઉપસ્થિત થયેલ હોઈ,તેમજ તેના અનુસંધાને ઉભય પક્ષ તરફથી સમાન પુરાવો અને દલીલ રજુ થયેલ હોઈ,બન્ને મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરીને તેને નિર્ણીત કરવાનું મુનાસીબ

માનેલ છે.

**૧૧)** ફરીયાદપક્ષની અગત્યની ફરજ એ છે કે, આરોપી સામે મુકવામાં આવેલા ગુનાઓ પુરવાર કરીને આરોપીને ગુનેગાર સાબિત કરવા માટે પુરતો અને વિશ્વાસપાત્ર પુરાવા રજુ કરવો જોઈએ અને આવા પુરાવાથી સામાન્ય શંકાથી પર આરોપી સામેના તહોમતનાં ગુના પુરવાર કરીને આરોપીને ગુનેગાર સાબિત કરવા જોઈએ. આ કામમાં ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા સારૂ જે પુરાવા રજુ કરવામાં આવેલા છે તે પુરાવો મારા આ કામની હવે પછીની ચર્ચા મુજબ પુરતો અને વિશ્વાસપાત્ર પુરાવો સાબિત થયાનું જણાતું નથી અને તે રીતે આરોપી સામે મુકવામાં આવેલા તહોમતના ગુના બદલ અથવા કાયદેસર રીતે સજા કરી શકાય તેવો કોઈ પણ ગુના બદલ આરોપીને શંકા રહિત રીતે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે તેવું સ્પષ્ટ રીતે જણાય આવે છે.

**૧૨)** સદરહું ઉપરોકત મૌખિક તેમજ લેખિત પુરાવાને ઘ્યાને લઈ સદરહું કામના આરોપી દ્રારા કોઈ કહેવાતો ગુનો આચરેલો છે કે કેમ અથવા તો ગુનાના કોઈ મૂખ્ય તત્વો પુરવાર થાય છે કે કેમ તે જોવું જરૂરી બને છે. સદરહું ઉપરોકત તમામ પુરાવો વંચાણમાં લેતાં તેનું મુલ્યાંકન કરવામાં આવે તો તમામ પુરાવા પરથી હાલનાં આરોપી દ્રારા સદરહુ કથિત ગુના કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદીના કે સ્વતંત્ર પુરાવાથી રેકર્ડ ઉપર ફલિત થતી નથી.કારણ કે, આ કામમાં સૌ પ્રથમ ફરીયાદી હિમાંશુભાઈ મનસુખ ભાઈને આંક : ૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓની જુબાનીની હકીકત ઘ્યાને લેતાં જણાય આવે છે કે,બનાવ સમયે તેઓ ડેપ્યુટી ઈજનેર તરીકે પાંચબત્તી પેટા વિભાગની કચેરીમાં ફરજ બજાવતા હતા.તે દરમ્યાન તેમના કંટ્રોલ રૂમના ફોન ઉપર ફોનથી માહીતી મળેલ કે,અમન રેસીડેન્સી,ડુંગરી,ભરૂચ ખાતે ગેરકાયદેસર વીજ લાઈન ઉભી થાય છે.જેથી તા.૧૬/૧૧/૧૬ ના રોજ તેઓ તથા જુનીયર ઈજનેર શ્રી જી.જે.પ્રજાપતિ તેમજ લાઈનમેન શ્રી બી.એસ.નીસરતાનાએ ભરૂચ ખાતે આવેલ અમન રેસીડેન્સી,ત્રણ કુવા, ડુંગરી ખાતે મુલાકાત લઈ સ્થળ ઉપર જઈને અમન રેસીડેન્સીના પ્રમુખશ્રીને બોલાવી તેમની પુછપરછ કરી સ્થળ ઉપર નીવેદન લીધેલુ. જે આંક : ૧૦ થી રજુ કરવામાં આવેલ છે બાદમાં સ્થળ ઉપર પંચનામુ કરેલુ.જે પંચનામુ આંકઃ૧૧ થી રજુ કરવામાં આવેલ છે અને તેમના વીજ કંપનીના નંગ–૧૦ વીજ પોલ અમન રેસીડેન્સીના રસ્તા ઉપર ગેરકાયદેસર રીતે આરોપીએ ઉભા કરવાની પુરેપુરી તૈયારી કરેલી તેની દ.ગુ.વી.કંપનીની કોઈ પણ પરમીશન લીધેલી નહી તેથી તેઓએ તા.૧૬/૧૧/૧૬ ના રોજ ભરૂચ "બી" ડીવીઝન પોલીસ સ્ટેશનમાં લેખીત ફરીયાદ આપેલી જે ફરીયાદ આંકઃ૧૩ થી રજુ કરવામાં આવેલ છે.ફરીયાદીની ઉલટતપાસ જોતા ફરીયાદમા કયા નંબર ઉપરથી ફોન આવેલો તે તેમની ફરીયાદમાં જણાવેલ નથી અને આ ફોન લેન્ડ લાઈન ઉપરથી આવેલો કે મોબાઈલ ઉપરથી આવેલો તે તેમની ફરીયાદમાં લખાવેલ નથી.સ્થળ ઉપર જે પંચનામુ કરેલુ તેનો સમયગાળો લખેલ નથી અને જે વ્યકિતને ફોન ઉપર માહિતી મળેલી તેનુ નામ ફરીયાદમાં જણાવેલુ નથી. તેમની ફરીયાદમાં થાંભલાઓ સહારા ટાઉનશીપમાં પડેલા તેવું દર્શાવેલુ નથી અને ફરીયાદમાં કુલ કેટલા થાંભલા સહારા ટાઉનશીપમાં હતા તે ફરીયાદમાં જણાવેલુ નથી. જી.ઈ.બી.ના જેટલા પોલ સ્થળ ઉપર મુકાવામા અને લેવામા આવે તેનો હિસાબ પેટા વિભાગીય કચેરીમાં હોય.થાંભલા અંગેનુ રજીસ્ટર નીભાવવામાં આવે છે. બનાવના દિવસે અમન રેસીડેન્સીના પ્રમુખનો જવાબ લેવા સિવાય બીજા કોઈના નિવેદનો તેઓએ નોંધેલા

નથી.આમ, આ કામના ફરીયાદીની જુબાની અને ઉલટતપાસની સ્વિકૃત હકીકતો જોતા અમન રેસીડેન્સીના પ્રમુખશ્રી સિવાય બીજા કોઈના જવાબ લીધા નથી અને તેમને આ વિજ થાંભલાની ચોરીની જાણ જે વ્યકિત થકી થઈ હતી તેનું નામ પણ ફરીયાદમા જણાવેલુ નથી અને કેટલા થાંભલા સહારા ટાઉનશીપમા હતા તેની પણ કોઈ માહિતી નથી અને આ બાબતે તેઓ કોઈ રજીસ્ટર નીભાવતા પણ નથી. હવે,આ હકીકતના સમર્થનમા તપાસ કરનાર અમલદાર શંકરભાઈ બાવજીભાઈની આંક : ૨૫ ની જુબાનીની ઉલટતપાસ ધ્યાને લેતાં બનાવના અરસામાં જી.ઈ.બી.ની કચેરીમાં કેટલા થાંભલાનો સ્ટોક હતો અને કેટલાની ઘટ હતી તે અનુરૂપ કોઈ પુરાવો તેમના ધ્યાનમાં નથી.હવે,આ કામના પંચો શૈલેષભાઈ રમણભાઈ તથા બીજા પંચ અમૃતભાઈ કાલીદાસ તેમની રૂબરૂમાં પોલીસે કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોય તેમ જણાવતા નથી. તે રીતે જોતાં ફરીયાદીની હકીકતને પંચોનું તથા અન્ય સાહેદનું સમર્થન નથી અને બનાવ વખતે તટસ્થ વ્યકિતની હાજરીમાં કોઈ પંચનામું કે રોજકામ થયાનું ખુલતું નથી, ત્યારે આરોપી દ્વારા ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટઃ૨૦૦૩ ની કલમઃ૧૩૬ મુજબનાં ગુનાનાં કોઈ મૂખ્ય તત્વો સમર્થક પુરાવાના અભાવે પુરવાર થયેલા જણાતાં નથી અને ફરીયાદીને ફરીયાદ કરવા સત્તા આપવામાં આવી હોય તેવું પણ ફલિત થતું નથી અને તેથી સચોટ પુરાવાનાં અભાવે પણ વિદ્યૃત બોર્ડ તરફથી કરવામાં આવેલ કાર્યવાહી યોગ્ય ઠરાવી શકાય નહી અને આ સંજોગોમાં માત્ર એક જ ખાતાનાં સાક્ષીના પુરાવાના આધારે ઉપરોકત સંજોગોમાં આરોપી વિરૂઘ્ધનો ફરીયાદપક્ષનો કેશ શંકા રહિત રીતે પુરવાર માની શકાય નહી.

**૧૩)** આ કામમાં ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ શૈલેષભાઈ રમણભાઈને આંકઃ ૧૪ થી તથા બીજા પંચ અમૃતભાઈ કાલીદાસ પરમારને આંકઃ૧૬ થી તપાસવામા આવેલા છે અને તેઓ જણાવે છે કે, પોલીસે તેમની લીંબડીચોકમાં તૈયાર પંચનામા સહી લીધી હતી જે ગુનાવાળી જગ્યાનું પંચનામુ આંક–૧૫ થી રજુ કરેલ છે.આમ,આ બન્ને પંચ સાહેદો તેમની જુબાનીમાં પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી,ફકત પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે અને તેથી મજકુર બન્ને પંચ સાહેદોને ફરીયાદપક્ષ તરફથી ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા બાદ ફરીયાદપક્ષ તરફે તેમની ઉલટતપાસ કરવામાં આવી હોવા છતાં કોઈ મહત્વની હકીકત પંચનામાને મદદરૂપ થાય તેવી રેકર્ડ પર આવી નથી તેથી તેમની જુબાનીથી આંકઃ૧૫ ના ગુનાવાળી જગ્યાનાં પંચનામાની હકીકતો અને તેમની રૂબરૂમાં ઈલેકટ્રીકનાં થાંભલા કબજે કરવામાં આવ્યા હોય તેવી ફરીયાદપક્ષનાં પંચનામાને મદદરૂપ બને તેવી હકીકત જણાતી નથી અને આરોપીને ગુના સાથે સાંકળવા લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર જણાતો નથી.

**૧૪)** ત્યારબાદ સાહેદ હબીબભાઈ અબ્દુલભાઈ મલેકને આંક–૧૭ થી તપાસવામાં આવેલા છે અને તેઓ જણાવે છે કે, તા.૧૪/૧૧/૧૬ ના રોજ તેઓ શેરપુરા પેટ્રોલપંપ ઉપર નોકરી ઉપર હતા અને તેઓ અમન રેસીડેન્સીના પ્રમુખ હોય તેમણે જી.ઈ.બી.ને સ્ટ્રીટ લાઈટ માટે પત્ર લખેલો.વધુમાં તેમની સોસાયટીમાં રહેતા આરોપી કોન્ટ્રાકટર અને કમીટીના સભ્ય હોય જેથી તેઓને સોસાયટીના થાંભલા ઉભા કરવાનું જણાવતા તેમણે તેમને અરજી આપવા જણાવલું.તા.૧૪/૧૧/૧૬ના રોજ બપોરે તેઓ નોકરી ઉપરથી ઘરે જમવા આવેલ ત્યારે સોસાયટીના રસ્તા ઉપર જી.ઈ.બી.ના સીમેન્ટના ૧૦ થાંભલા જોયેલા.જેથી તેમણે આરોપીને ફોન કરી આ થાંભલા કોણે નાંખેલા

છે તેમ પુછતાં આરોપીએ નાંખેલ હોવાનું અને આ થાંભલા સોસાયટીમાં એક બે દીવસમાં ઉભા કરી સ્ટ્રીટ લાઈટ ચાલુ કરી દેશે તેમ જણાવેલુ. વધુમાં આંક–૧૨ વાળા પત્ર નીચે તેમનો સીકકો અને સહી છે અને આંક–૧૧ વાળા સ્થળ ઉપરનાં પંચનામામા તેમની સહી ઓળખી બતાવે છે અને તે વખતે જી.ઈ.બી.ના માણસો તથા પંચોએ આવી જગ્યાનુ પંચનામુ કરેલુ અને ગ્રાહકનું નીવેદન લીધેલુ નિવેદન આંક–૧૦ થી રજુ છે તથા આંક–૧૮ થી પત્ર રજુ કરેલ છે. આ સાહેદની ઉલટતપાસ જોતા આંક : ૧૨ ના પત્રમાં આરોપીનું નામ તેમની સોસાયટીના સભ્ય તરીકે દર્શાવેલ નથી અને તેઓએ જી.ઈ.બી.ને જે અરજી આપી હતી તેમાં પણ આરોપીનું નામ નથી અને જી.ઈ.બી.ના થાંભલા પડયા હોવા બાબતની પણ પોલીસમાં જાણ કરી ન હતી અને આવા થાંભલા આરોપી ઝાકીરભાઈએ મુકાવેલા હોય તેવું જોયુ કે જાણેલું નથી. આમ, આ સાહેદની આ સ્વિકૃત હકીકતો જોતા દશ ઈલેકટ્રીકના થાંભલાની ચોરીમાં આરોપી જ સંકળાયેલા હોવાની હકીકત પુરવાર થતી નથી અને તેથી ફરીયાદીની એવી હકીકત કે, અમન સોસાયટીની બહાર પડેલ વીજ થાંભલા અંગે સોસાયટીના પ્રમુખે તેમને આ થાંભલા આરોપીએ લાવેલ હોવાની હકીકત જણાવી હતી તેવી હકીકતો ખાસ માનવાપાત્ર બને નહી.હાલના સાહેદની ઉલટતપાસ જોતાં ગુનાવાળી જગ્યા કોણે બતાવેલી તેનો તેમને ખ્યાલ નથી,આંક–૧૨ ના પત્રમાં આરોપીનું નામ તેઓની સોસાયટીના સભ્ય તરીકે દર્શાવેલુ નથી તથા આંક–૧૨ વાળી જી.ઈ.બી. ને અરજી આપેલી તેમાં જાકીરભાઈનું નામ લખેલુ નથી અને તેમની સોસાયટીમાં થાંભલા પડેલા હોવા બાબતે તેમણે પોલીસને કોઈ જાણ કરેલી નથી, જે દીવસે તેમણે પોલીસને આંક–૧૮ વાળો લેટર આપ્યો તે જ દીવસે પોલીસે તેઓનો જવાબ લીધેલો.આંક–૧૮ વાળા લેટરમાં કંઈ તારીખે અને કેટલા થાંભલા તેઓએ જોયેલા તેવી હકીકત લખાવેલી નથી અને આ કામે મજકુર સાહેદે બનાવ જોયેલ નથી કે, તેમને આરોપી સાથે વાત થયાની કોઈ ડીટેલ્સ રજુ થતા નથી અને તે રીતે આ સાહેદની જુબાની અને ઉલટતપાસ ધ્યાને લેતા તેમણે આ થાંભલા આરોપીએ મુકાવેલા હોય તેમ જોયેલું કે જાણેલું ન હોવાથી ગુનામાં આરોપીએ જ ચોકકસ જગ્યાએથી જી.ઈ.બી.ની માલીકીના દશ થાંભલા ખસેડીને તેને બનાવવાળી જગ્યાએ ચોકકસ સમયે અને તારીખે મુકેલા હતા તેવું બીલકુલ સાબિત થતું નથી અને મજકુર સાહેદના કથન મુજબ સોસાયટીની અંદર થાંભલા હોત તો જી.ઈ.બી.ને જાણ કરવાની તેમની ફરજ બનત,પરંતુ બનાવ સોસાયટીની બહારનો બનાવ હોવાથી ખરેખર મજકુર સાહેદે પોલીસમા ફરીયાદ આપી હોત તો બનાવના દિવસે જ યોગ્ય તે કાર્યવાહી સત્વરે થઈ શકેલ હોત.

**૧૫)** ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ ગુંજનભાઈ જયંતિભાઈ પ્રજાપતિને આંક–૧૯ થી તથા ભરતભાઈ શામજીભાઈ નીસરતાને આંક–૨૦ થી તપાસવામાં આવેલા છે,તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૧૬ માં તેઓ અનુક્રમે જુનીયર ઈજનેર તરીકે તથા લાઈનમેન તરીકે પાંચબત્તી,ભરૂચ ખાતે ફરજ બજાવતા હતા.તા.૧૬/૧૧/૧૬ ના રોજ સવારના અમન રેસીડેન્સી,ભરૂચ ખાતે તેઓ તથા નાયબ ઈજનેરશ્રી એચ.એમ.પટેલ, તેમજ લાઈનમેન ભરતભાઈ નીસરતા એમ ત્રણ જણા ગયેલા અને સોસાયટીના પ્રમુખ શ્રી હબીબભાઈ મલેકને મળેલા.વધુમાં આ અગાઉ તેમના નાયબ ઈજનેર શ્રી એચ.એમ.પટેલ પાસે મૌખીક ટેલીફોન ઉપર ફરીયાદ આવેલી કે, જી.ઈ.બી.ના નંગ–૧૦ પોલ કે જે ધરમકાંટા, શેરપુરા રોડ ઉપર મુકેલા હતા તે ત્યાંથી ગાયબ થઈ ગયેલા છે અને અમન રેસીડેન્સી પર પડેલા છે.જેથી આ બાબતે પ્રમુખશ્રી

હબીબભાઈ મલેકને પુંછેલુ તો તેમણે જણાવેલ કે,જી.ઈ.બી.ના નંગ–૧૦ પોલ આરોપીએ તેમની સોસાયટીમાં લાવીને મુકેલા છે. વધુમાં આ નંગ–૧૦ પોલ જી.ઈ.બી.ની કોઈ પણ પરમીશન વગર ધરમકાંટાથી ઉઠાવીને અમન રેસીડેન્સીમાં લાવેલ છે. આ બાબતે તેઓએ સ્થળ ઉપર સ્થળ પંચનામુ કરેલં જે આંક :૧૧ થી રજુ છે અને સ્થળ ઉપર હાજર ગ્રાહક હબીબભાઈ મલેકનું નીવેદન લીધેલુ જે આંક : ૧૦ થી રજુ છે જેમાં પણ તેમની સહી છે.હાલના સાહેદની ઉલટતપાસ જોતાં હબીબભાઈ મલેકને પુછવાનો પ્રસંગ બનેલ નહી,પરંતુ તેઓ સાથે હતો. એ વાત ખરી છે કે,સ્થળ ઉપર કેટલા થાંભલા પડેલા હતા તેની મને જાત મીહતી ન હતી.એજ રીતે આ થાંભલા કોણે, કયારે અને કયાંથી મુકયા તેની મને જાત મીહતી નથી. એ વાત ખરી છે કે, આંક : ૧૧ના પંચનામાનુ સ્થળ કોણે બતાવયુ તેનો પંચનામા ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે ,બનાવવાળી જગ્યાએ જવાનુ તેમના ઉપરી અધિકારી શ્રી એચ.એમ.પટેલ સાહબે જણાવેલુ.તે રીતે જોતા આ કામના સદરહું સાહેદની જુબાનીથી આંક : ૧૦ ના નિવેદન મુજબ સોસાયટીમાં વીજ પોલ આરોપી લાવેલા હોવાનું જણાવેલ છે, પરંતુ મેં ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આંક : ૧૦ ના નિવેદન આપનાર સાહેદ હબીબભાઈ તેમની જુબાનીમા જયારે આ હકીકતનું ખંડન કરે છે ત્યારે જી.ઈ.બી.ના હાલના સાહેદની જુબાનીનું વિશેષ પુરાવાકીય મુલ્યાંકન કરવાનુ રહેતું નથી.

**૧૬)** ત્યારબાદ આ કામે પોલીસ સ્ટેશન અમલદાર કાંતીભાઈ ચુનીલાલ વસાવાને આંક : ખ૨૨ થી તપાસવામાં આવેલા છે અને તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે,તારીખ : ૧૭/૧૧/૧૬ ના રોજ ભરૂચ"બી"ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન નાયબ ઈજનરશ્રી દક્ષિણ ગુજરાત વીજ કંપની ભરૂચનાઓએ એક લેખીત ફરીયાદ આપતા ગુનો દાખલ કરી તેની સ્ટેશન ડાયરીમાં પાના નંબર ૯ ઉપર નોંધ નં.૯ થી કલાક ૧૨:૪૫ વાગ્યે કરેલી. જે સ્ટેશન ડાયરીના ઉતારાની ખરી નકલ આંકઃ૨૩ થી રજુ કરવામાં આવી છે. વધુમાં આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ શ્રી શંકરભાઈ બાવજીભાઈને સોંપેલી ંજે તપાસનો હુકમ આંક–૨૪ થી રજુ કરેલ છે. આ સાહેદે ફકત ફરીયાદની નોંધ કરી હોય તેમને બનાવ બાબતે વિશેષ કોઈ માહીતી નથી અને તેથી તેમની જુબાની ઔપચારીક થઈ પડે છે.

**૧૭)** ત્યારબાદ આ કામના તપાસ કરનાર અમલદાર શંકરભાઈ બાવજીભાઈને આંક–૨૫ થી તપાસવામા આવેલા છે અને તેઓ જણાવે છે કે, સને ૨૦૧૬ ની સાલમાં તેઓ હેડ કોન્સ્ટેબલ તરીકે "બી" ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે આ કામની તપાસ મળતા તપાસ સંભાળી લીધેલી અને તે પછી બે પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનુ આંક–૧૫ વાળું પંચનામુ કરેલું.ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા અને તે પછી પુરતો પુરાવો હોવાથી આરોપી સામે ચાર્જશીટ કરેલુ. હાલના સાહેદની ઉલટતપાસ જોતાં બનાવના અરસામાં જી.ઈ.બી.ની કચેરીમાં કેટલા થાંભલાનો સ્ટોક હતો અને કેટલા થાંભલાની ઘટ થયેલી તે અંગેનો કોઈ પુરાવો તેમના ધ્યાનમાં નથી. આમ, તપાસ કરનાર અમલદારની આ જુબાની તથા ઉલટતપાસ જોતા તેઓએ જી.ઈ.બી. માં કેટલા થાંભલાનો સ્ટોક હતો અને કેટલાની ઘટ હતી તે બાબતના પુરાવા મેળવેલા નથી અને જે સોસાયટીમાંથી વીજ થાંભલા મળી આવેલ હતા તે આરોપીએ જ મુકાવેલ હતા અને તે કયા વાહનમા કયારે મુકાવેલ હતા તે બાબતની તપાસનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. આમ,સદરહું પોલીસ સાહેદે પોતાની ફરજનાં ભાગરૂપે કાર્યવાહી કરેલ છે અને જયારે

ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા પરથી આરોપી વિરૂઘ્ધનો ગુનો સાબિત થયેલ હોવાનું માની શકાય તેમ નથી ત્યારે સદરહું પોલીસ સાહેદનો પુરાવો ઔપચારીક બની રહે છે.

**૧૮)** ટુંકમાં,આ કામે ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ ઉપરોકત સાહેદોની જુબાનીઓ તથા દસ્તાવેજી પુરાવો તથા દલીલોનું વિશ્લેષણ કરતાં, બચાવપક્ષની ઉપરોકત દલીલો સાથે સંમત થવાનું વ્યાજબી લાગે છે અને ફરીયાદપક્ષનાં કેસમાં ઉભી થતી શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર જણાય છે અને જયારે આ પ્રકારે પુરતા સમર્થન વગરનાં ફરીયાદપક્ષનાં પુરાવામાં ભિન્ન ભિન્ન હકીકતો આવે ત્યારે બનાવ કંઈ રીતે બનેલો છે તે ખુબ જ શંકાસ્પદ બને છે અને તે સંજોગોમાં કાયદાનાં પ્રસ્થાપિત સિઘ્ધાંત અનુસાર ફરીયાદપક્ષનો પુરાવો નકારવા પાત્ર બને છે અને આરોપી વિરૂઘ્ધ કોઈ ગુનો પુરવાર થતો નથી તેમ ઠરાવવું આવશ્યક બને છે,ગુનો વ્યાજબી શંકા સિવાય પુરવાર કરવાનો બોજો હંમેશા ફરીયાદપક્ષના શીરે હોય છે.આરોપીને ગુનેગાર ઠરાવવાં માટે ઈન્સાફી કાર્યવાહીમાં લીધેલ તમામ પુરાવા સમગ્રપણે ઘ્યાને લેવો જરૂરી છે.કોર્ટ રૂબરૂ લેવામાં આવેલ તમામ પુરાવાની સમગ્ર અસર એવા સ્વરૂપની હોય કે જેનાં વડે ફકત એક જ નિર્ણય ઉપર આવવાની શકયતા રહેલી હોય કે માત્રને માત્ર આરોપીએ જ ગુનો કરેલ છે અને જો આવો નિર્ણય શકય હોય તો જ તેવું ઠરાવી શકાય કે ફરીયાદપક્ષે વ્યાજબી શંકા સિવાય કેસ પુરવાર કરેલ છે.કલ્પિત પરિસ્થિતિનાં આધારે કોઈ ન્યાયીક નિર્ણય લઈ શકાય નહી તેવો ફોજદારી ન્યાયશાસ્ત્રનો પ્રતિપાદિત સિઘ્ધાંત છે.

**૧૯)** ઉપરોકત ચર્ચા–વિચારણાનાં અંતે આરોપીએ તારીખ:૧૭–૧૧–૦૬ નાં રોજ ગેરકાયદેસર રીતે દક્ષિણ ગુજરાત વિજ કંપનીની માલીકીનાં જી.ઈ.બી.ના સીમેન્ટનાં થાંભલા નંગ–૧૦ શેરપુરા નજીક આવેલ ધરમકાંટાની પાછળ મુકી અને ત્યારબાદ ત્યાંથી ચોરી કરીને,અમન રેસીડન્સી મનુબર રોડ,ભરૂચ ખાતે લઈ જઈ, તેવા થાંભલા ઉભા કરવાની વ્યવસ્થા કરતા પકડાઈ જઈ,આરોપીએ ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૬ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાનું કે હાલનાં આરોપીએ કોઈ ગૌણ ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષ તરફથી સચોટ અને સંતોષકારક પુરાવો રજુ કરીને નિઃશંકપણે પુરવાર થતુ નથી અને તેથી આરોપીને કોઈ પણ ગુના અંગે દોષિત ઠરાવી શકાય નહી તેમ હું માનું છું, અને તેથી મુદૃા નંબરઃ૧–૨ નો જવાબ નકારાત્મક આપું છું અને મુદૃા નંબરઃ૩ ના જવાબમાં નીચે મુજબનો છેવટનો હુકમ પસાર કરૂ છુંઃ–

**<u>।। હુ ક મ ।।</u>**

**૨૦)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૩૫ (૧) અન્વયે આરોપી જાકીરભાઈ સુલેમાન પટેલ, રહે. એ/૧૧૮/૬, અહમદનગર સોસાયટી, મનુબર રોડ, ભરૂચને ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૬ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

આરોપી હાલમાં જામીન મુકત હોય તેઓએ આ પહેલા આપેલા જામીનખત તથા જાત મુચરકા આથી રદ કરવામાં આવે છે અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ :

૪૩૭(એ) ની જોગવાઈ મુજબ જો આ કામે પ્રોસીકયુશન તરફથી કોઈ અપીલ કરવામાં આવે તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે આરોપીએ રૂપિયા ૧૦,૦૦૦ /– (રૂપિયા દસ હજાર) ના લાયક નવા જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા છ માસની મુદ્દતના સત્વરે રજુ કરવાનાં રહેશે, તેમજ તેની સાથે આરોપીએ તેમનું પુરેપુરૂ રહેઠાણનું સરનામું તથા ધંધાનું સરનામું ટેલીફોન નંબરોની વિગતો સાથે જાહેર કરવાનું રહેશે તેમજ આરોપીએ તેમનું રહેઠાણ અને ધંધો જે પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ છે તેની સંપૂર્ણ વિગતો રજુ કરવાની રહેશે.

મુદામાલ વીજળીના થાંભલા નંગ–૧૦ ફરીયાદી જી.ઈ.બી. કંપનીને અપીલ સમય પુરો થયા બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૨૧, માહેઃ જુલાઈ, સનેઃ ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ભરૂચ.
તારીખ :૨૧–૦૭–૨૦૧૮

(ચેતનકુમાર મહેન્દ્રભાઈ ભટ્ટ)
સ્પેશીયલ જજ,ભરૂચ.
કોડ નંબર:જીજે.૦૦૧૦૨